


# ખાનગી હૉસ્પિટલના મનસ્વી વહીવટ પર લગામ

## આરોગ્ય પ્રધાને વિધાનસભામાં કરી મોટી જાહેરાત

મુંબઈ: રાજ્યની ખાનગી હોસ્પિટલો દ્વારા વસૂલવામાં આવતા બેફામ સારવાર ખર્ચ પર લગામ લગાવવા માટે રાજ્ય સરકાર ટૂંક સમયમાં જ એક નક્કર નીતિ તૈયાર કરશે. વિવિધ રોગોની સારવાર માટે ખાનગી હોસ્પિટલોએ કેટલો ચાર્જ લેવો, તે અંગે નિયમાવલી તૈયાર કરવાની દિશામાં સરકાર પગલાં ભરી રહી છે અને અંતિમ નિર્ણય માટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની ઉપસ્થિતિમાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજવામાં આવશે, તેવી જાહેરાત આરોગ્ય પ્રધાન પ્રકાશ આબિટકરે વિધાનસભામાં કરી હતી.

ધારાસભ્ય બાપુ પઠારેએ વિધાનસભાગૃહમાં એક મહત્ત્વનો મુદ્દો ઉઠાવ્યો હતો કે ખાનગી હોસ્પિટલો દર્દીઓ પાસેથી મનફાવે તેમ ભારે બિલ વસૂલે છે. આ ચર્ચામાં નમિતા મુંદડા, મનીષા ચૌધરી, સુલભા ખોડકે, શ્વેતા મહાલે, જ્યોતિ ગાયકવાડ, મુરજી પટેલ, સંજય કેલકર, નીતિન રાઉત અને સત્યજીત દેશમુખે પણ ભાગ લીધો હતો અને સામાન્ય દર્દીઓની સમસ્યાઓ ઉઠાવી હતી. આ ચર્ચાનો જવાબ આપતાં આબિટકરે જણાવ્યું કે, પ્રાઇવેટ હોસ્પિટલોના સારવારના ચાર્જ નક્કી કરવા માટે એક ચોક્કસ નિયમ હોવો જોઈએ, એવું સુપ્રીમ કોર્ટે પણ કહ્યું છે. તેથી, હવે રાજ્ય સરકાર હોસ્પિટલના ખર્ચના નિયમો નક્કી કરવા માટેની જરૂરી કાર્યવાહી શરૂ કરી રહી છે.

### એનઆઈસીયુ અંગે ચિંતા

નવજાત શિશુઓની સારવારના વધતા જતા ખર્ચ તરફ સભ્યોએ ખાસ ધ્યાન દોર્યું હતું. સમય પહેલા જન્મેલા અથવા ઓછા વજનવાળા બાળકોને ઘણા દિવસો સુધી 'એનઆઈસીયુ' માં રાખવા પડે છે. ગ્રામીણ વિસ્તારોમાં આવી સુવિધાઓનો અભાવ હોય છે અને શહેરોની ખાનગી હોસ્પિટલોમાં આ સારવાર માટે ૧૫ થી ૨૦ લાખ રૂપિયા સુધીનો ખર્ચ થતો હોવાથી સામાન્ય પરિવારો પર મોટો આર્થિક બોજ પડી રહ્યો હોવાનું સભ્યોએ જણાવ્યું હતું. આના જવાબમાં આરોગ્ય પ્રધાને જણાવ્યું કે, રાજ્યની ૬૬ સરકારી હોસ્પિટલોમાં સ્પેશિયલ ન્યૂબોર્ન કેર યુનિટ શરૂ કરવામાં આવ્યા છે. ■

### પુણે અને મુંબઈ માટે વિશેષ પહેલ

મુંબઈનાં ઉપનગરોમાં બાળકો માટે અલગ સરકારી હોસ્પિટલ ન હોવાનો મુદ્દો ધારાસભ્ય મુરજી પટેલે ઉઠાવ્યો હતો. તેના પર આરોગ્ય પ્રધાને આશ્વાસન આપ્યું હતું કે, મુંબઈમાં સારવારના રેટ કાર્ડ લાગુ કરવા અંગેની ખાસ તપાસ ઝુંબેશ ચલાવવામાં આવશે; તેમજ પુણે જિલ્લામાં આરોગ્ય સુવિધાઓનો દરજ્જો સુધારવા અને જરૂરી ઉપાયો કરવા અંગે ટૂંક સમયમાં જ પુણેમાં એક વિશેષ બેઠક યોજવામાં આવશે, તેવી માહિતી પણ આબિટકરે ગૃહમાં આપી હતી. ■

### રેટ કાર્ડ ફરજિયાત

રાજ્યની તમામ ચેરિટેબલ અને ખાનગી હોસ્પિટલોને તેમના ચાર્જનું બોર્ડ પ્રદર્શિત કરવાની સૂચના આપવામાં આવી છે, અને નિયમોનું પાલન ન કરનારી હોસ્પિટલો સામે મહાનગરપાલિકા તથા આરોગ્ય વિભાગના સંયુક્ત અભિયાન દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, તેવી ચેતવણી પણ આબિટકરે આપી હતી. ■

# આંગણવાડીમાં બાળકીની બેરહેમીથી પીટાઈનો વીડિયો વાયરલ

## માતાનું જ એ કૃત્ય હોવાની ખાતરી

થાણે: નવી મુંબઈની આંગણવાડીમાં બાળકીની બેરહેમીથી પીટાઈનો આંચકાજનક વીડિયો વાયરલ થતાં ખળભળાટ મચી ગયો હતો. આ મારઝૂડ આંગણવાડીની કર્મચારી દ્વારા કરાઈ હોવાનો દાવો સોશિયલ મીડિયા પર કરાયો હતો, પરંતુ તપાસ બાદ માતાએ જ દીકરીને ફટકારી હોવાનું સ્પષ્ટ થયું હતું.

તપાસ બાદ પોલીસને જાણવા મળ્યું હતું કે બે વર્ષની બાળકીનો પરિવાર નંદગાંવમાં રહે છે. ચંચળ બાળકી શાંતિથી બેસતી ન હોવાથી માતાએ મગજ પરનું નિયંત્રણ ગુમાવ્યું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પનવેલ સિટી પોલીસ સ્ટેશનની હદમાં આવેલા નંદગાંવમાંની એક આંગણવાડીમાં આ જ સપ્તાહે ઘટના બની હતી. વાયરલ થયેલા વીડિયોમાં એક મહિલા બાળકીને લાત મારતી અને પછી તેની મારઝૂડ કરતી નજરે પડે છે. મારપીટને કારણે બાળકી જમીન પર પટકાય છે.

વાયરલ થયેલા આ વીડિયોની નોંધ લઈ પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે બાળકી આંગણવાડીમાં શાંતિથી બેસવા તૈયાર નહોતી, જેને પગલે માતાને ગુસ્સો આવ્યો હતો. મગજ પરનું નિયંત્રણ ગુમાવવાને કારણે તેણે દીકરીને ફટકારી હતી. ત્યાં હાજર વ્યક્તિએ ઘટનાનું મોબાઈલથી રેકોર્ડિંગ કરી લીધું હતું, જેનો વીડિયો બાદમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

બાળકીને તરત જ તબીબી તપાસ માટે લઈ જવામાં આવી હતી. તેને ગંભીર કે આંતરિક ઇજા થઈ ન હોવાની ખાતરી કરવામાં આવી હતી. બાળકીનાં માતા-પિતાને પોલીસ સ્ટેશને બોલાવવામાં આવ્યાં હતાં. સમજાવટ અને આવું વર્તન ફરી ન કરવાની ચેતવણી આપી તેમને જવા દેવાયાં હતાં. આ મામલે કોઈ ગુનો નોંધાયો નહોતો. (પીટીઆઈ) ■

# સાસુની હત્યા કરનારા જમાઈની ૧૩ વર્ષે ચેન્નઈમાં ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નવજાત દીકરાને મળવા ન દેતી સાસુની હત્યા કરી ફરાર થઈ ગયેલા જમાઈને વસઈ ક્રાઈમ બ્રાન્ચે ચેન્નઈથી પકડી પાડ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૨ના અધિકારીઓએ બુધવારે પકડી પાડેલા આરોપીની ઓળખ મોહમ્મદ અજમલ મોહમ્મદ મન્સૂરી અન્સારી ઉર્ફે પોફલ (૪૪) તરીકે થઈ હતી. વધુ કાર્યવાહી માટે આરોપીને વાલિવ પોલીસના તાબામાં સોંપાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી પોફલેએ વસઈના ગોખીવરે સ્થિત દેવીપાડામાં રહેતી સાસુ સંજીદા મોહમ્મદ કયુમની ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ હત્યા કરી હતી. આ પ્રકરણે પોફલની પત્નીએ નોંધાવેલી ફરિયાદને આધારે વાલિવ પોલીસે હત્યાનો ગુનો નોંધી પોફલની તપાસ શરૂ કરી હતી, પરંતુ તે પોલીસને હાથ લાગ્યો નહોતો. જૂના વણઉકેલાયા કેસની વિગતો પર નજર ફેરવી યુનિટ-૨ના ઇન્ચાર્જ અવિરાજ કુરાડેએ નવેસરથી તપાસ શરૂ કરી હતી. આરોપી બિહારના ગ્રામ પરહસનો વતની હતો. પોલીસે તપાસ કરતાં આરોપી તેના વતનમાં ન હોવાનું જાણવા મળ્યું હતું. આખરે સગાંસંબંધીની પૂછપરછ અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરતાં આરોપી ચેન્નઈમાં હોવાનું જાણવા મળ્યું હતું. ચેન્નઈ પહોંચેલી પોલીસની ટીમે પોફલને તાબામાં લીધો હતો.

પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ કબૂલ્યું હતું કે પત્ની અને સાસુ તેના નવજાત દીકરાને મળવા દેતી નહોતી. આ વાતે રોષમાં આવી તેણે સાસુની હત્યા કરી હતી. હત્યા પછી ચારથી પાંચ દિવસ તે કોલકતામાં બહેનના ઘરે રહ્યો હતો. પછી તમિળનાડુમાં પાંચેક વર્ષ કડિયાકામ કર્યું. ત્યાંથી એક વર્ષ પંજાબમાં કામ માટે ગયો હતો. છેલ્લાં પાંચ વર્ષથી તે ચેન્નઈમાં રહેતો હતો. ■

# મહારાષ્ટ્ર કેબિનેટે મહિલા ખેડૂતોને માન્યતા આપતા ડ્રાફ્ટ બિલને મંજૂરી આપી

મુંબઈ : મહારાષ્ટ્ર કેબિનેટે મહિલા ખેડૂતોને જમીનની માલિકીની કાયદેસર રીતે માન્યતા આપવા માટેના કાયદાના ડ્રાફ્ટને મંજૂરી આપી છે, જેનાથી તેઓ સરકારી કલ્યાણકારી યોજનાઓ અને સબસિડીનો ઉપયોગ કરી શકે છે.

મહારાષ્ટ્ર મહિલા ખેડૂત સશક્તીકરણ બિલ, ૨૦૨૬ ના ડ્રાફ્ટમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો, જેમ કે ડેરી અને મત્સ્યઉદ્યોગમાં રોકાયેલી ભૂમિહીન મહિલાઓને સંસ્થાકીય ધિરાણ, સબસિડી અને કૃષિ વિસ્તરણ સેવાઓનો લાભ આપવા માટે 'મહિલા ખેડૂત પ્રમાણપત્ર' નો પ્રસ્તાવ છે. જે એક સત્તાવાર ઓળખ દસ્તાવેજ તરીકે કામ કરશે જે લાભાર્થીઓને સરકારી યોજનાઓ, સબસિડી, સંસ્થાકીય નાણાં અને બજાર સહાયનો લાભ લેવા સક્ષમ બનાવશે.

ગુરુવારે પ્રધાનમંડળ દ્વારા મંજૂર કરાયેલ, આ બિલ રાજ્ય વિધાનસભાના ચાલુ ચોમાસા સત્રમાં રજૂ કરવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બિલનો ઉદ્દેશ્ય કૃષિ ક્ષેત્રમાં કામ કરતી મહિલાઓ, ખાસ કરીને ભૂમિહીન ખેડૂતો અને ડેરી, માછીમારી, મરઘાં, પશુપાલન, રેશમ ઉછેર, મધમાખી ઉછેર અને નાની વન પેદાશોના સંગ્રહ જેવાં સંલગ્ન ક્ષેત્રોમાં રોકાયેલી મહિલાઓને લાભ આપવાનો છે. આ ડ્રાફ્ટમાં કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ તેમજ ભાડૂતી ખેડૂતો, કૃષિ મજૂરો અને ખેતી સાથે સંકળાયેલા મોસમી સ્થળાંતર કામદારોનો સમાવેશ થાય છે.

આ બિલમાં મહારાષ્ટ્ર રાજ્ય મહિલા ખેડૂત ભંડોળ અને અન્ય સરકારી ડેટાબેઝ સાથે સંકલિત મહિલા ખેડૂતોના ડિજિટલ ડેટાબેઝની રચના કરવાની પણ જોગવાઈ છે. ■








## પુણે લોહગડ મર્ડર કેસ

# કેતન અગરવાલની હત્યા કરવા વાગ્દત્તા સિયાને તેના પ્રેમીએ ઉશ્કેરી હતી

પુણે: પુણેમાં રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર તેમ જ ટ્રેકર કેતન અગરવાલની હત્યાના કેસની તપાસમાં ચોંકાવનારા ખુલાસા સામે આવી રહ્યા છે. કેતનની વાગ્દત્તા સિયા ગોયલના પ્રેમી ચેતન ચૌધરીએ સિયાને કેતનની હત્યા કરવા માટે ઉશ્કેરી હતી, એવો દાવો પોલીસે કર્યો છે. બંને આરોપીની પૂછપરછમાં એવું સામે આવ્યું હતું કે લોહગડ કિલ્લા પર કેતનની હત્યા કરવા માટે સિયાને ચેતન ચૌધરીએ ઉશ્કેરી હતી.

નોંધનીય છે કે સિયા અને ચેતન વચ્ચે પ્રેમસંબંધ હતો અને તેમણે ૧૮ જૂને લોહગડ કિલ્લા પરથી કેતનને ધક્કો માર્યો હતો. કેતન ૪૦૦ ફીટ ઊંડી ખીણમાં પડતાં તેનું મૃત્યુ થયું હતું. પુણે ગ્રામીણ પોલીસના અધિકારીએ જણાવ્યું હતું કે કિલ્લા પર પહોંચ્યા બાદ સિયાએ ચેતનને સંકેત આપતાં જ તેણે અસાવધ કેતનને ધક્કો માર્યો હતો.

સિયાએ પોલીસને શરૂઆતમાં કહ્યું હતું કે કિલ્લા પર ફોટા પાડતી વખતે પગ લપસવાથી કેતન ખીણમાં પડી ગયો હતો. આથી પોલીસે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી. જોકે તપાસમાં કેતનની હત્યા થયાનો ચોંકાવનારી વાત સામે આવી હતી. સિયાની માતાએ દાવો કર્યો હતો કે તેની પુત્રી ૧૮ જૂને લોહગડ કિલ્લા પર જવા માટે ખચકાટ અનુભવતી હતી, પરંતુ કેતન અને તેની માતાએ આગ્રહ કર્યો હતો. ૧૭ જૂને સાંજે સિયા અને કેતનની વીડિયો કૉલ પર વાતચીત થઇ હતી, જેમાં કેતને આગ્રહ કર્યો હતો. કેતનની માતાએ પણ સિયા સાથે વાત કરીને આગ્રહ કર્યો હતો. સિયા ટ્રેકિંગ પર જવા માગતી નહોતી, કારણ કે બીજા દિવસે ઘરમાં કાર્યક્રમ હોવાથી તે આરામ કરવા માગતી હતી. ■

### ઉદયપુરમાં પેલેસ બૂક કરાવ્યો નહોતો?

સિયાના લગ્ન માટે ઉદયપુરમાં પેલેસ બૂક કરાવ્યો હતો અને ચાર્ટર્ડ એરક્રાફ્ટની વ્યવસ્થા કરી હતી, એ વાતનો સિયાના પિતાએ ઇનકાર કરી દીધો હતો. લગ્ન ઉદયપુરમાં જ થવાનાં હતાં. હોટેલ દ્વારા યુગલ દીઠ દિવસના ૮૧ હજાર રૂપિયાનો ખર્ચ કહેવામાં આવ્યો હતો અને ૭૦ રૂમ બૂક કરાવવામાં આવી હતી. લગ્નનો ખર્ચ ત્રણ કરોડ રૂપિયાથી વધુ નહોતો. દરમિયાન રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ શુક્રવારે પુણેમાં કેતનના પિતાને મળ્યા હતા અને આરોપીઓને કઠોર સજા થશે એવી ખાતરી આપી હતી. ■

### 'મારી દીકરી દોષી હોય તો તેને પણ કિલ્લા પરથી ફેંકો': સિયાના પિતા

પુણે: કેતન અગરવાલ હત્યાકાંડની આરોપી મંગેતર સિયા ગોયલના માતા-પિતાનું નિવેદન બહાર આવ્યું છે. સિયાના માતાપિતાએ પોતાની દીકરીનો પક્ષ લેવાના બદલે કાયદા અને ન્યાયને સહકાર આપ્યો છે. તેમણે ભાવુક થઈને કડક શબ્દોમાં કહ્યું હતું કે જો તેમની દીકરી આ જઘન્ય અપરાધમાં દોષી સાબિત થાય તો તેને કડક સજા મળવી જોઈએ.

આરોપી સિયાના પિતા પ્રવીણ ગોયલે કહ્યું હતું કે, 'જેણે પણ આ કૃત્ય કર્યું છે, તેને સૌથી સખતમાં સખત દંડ મળવો જોઈએ, જે કિલ્લા પરથી અમારા કેતનને ફેંકવામાં આવ્યો હતો, ત્યાંથી જ જે પણ દોષી સાબિત થશે, ભલે તે મારી દીકરી જ કેમ ના હોય, તેને પણ તેવી જ રીતે નીચે ધક્કો મારી દેવો જોઈએ.

આગળ તેમણે કહ્યું કે 'અમે સિયાના પ્રેમ સબંધોથી અજાણ હતા. સિયા એક સીધી-સાદી સામાન્ય છોકરી છે. તે ૧૯ વર્ષની છે. શું ૧૯ વર્ષની કોઈ છોકરી આવું કંઈ કરી શકે છે? ■

# ન્યાય અપાવવાની ફડણવીસની બાંયધરી, ફાસ્ટ ટ્રેક ટ્રાયલ માટે સંમતિ



મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે કેતન અગ્રવાલના પરિવારને સરકાર જવાબદાર લોકોને કડક સજા ફરમાવવામાં આવશે એવી બાંયધરી આપી ન્યાય મેળવવામાં કોઈ કસર નહીં છોડવામાં આવે એની ખાતરી આપી હતી. અગ્રવાલ પરિવારની ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવાની માગ પણ તેમણે સ્વીકારી હતી. કેતનને કથિત રીતે લોહગડ કિલ્લા પરથી તેની મંગેતર અને તેના પ્રેમીએ ધક્કો મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો.

મુખ્ય પ્રધાન કાર્યાલય તરફથી એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે કેતનના પિતા સાથેની મુલાકાત દરમિયાન, ફડણવીસે તેમને ખાતરી આપી હતી કે સરકાર આ કેસના આરોપીઓને કડક સજા મળે અને ન્યાય મેળવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવશે. (પીટીઆઈ) ■

### સિયા અને ચેતનના પ્રેમસંબંધની તેના ભાઇ સાહિલને જાણ હતી?

કેતન અગરવાલ હત્યાકેસમાં પોલીસની નજર હવે સિયાના ભાઇ સાહિલ ગોયલ પર છે. પોલીસે સાહિલની પૂછપરછ પણ કરી હતી અને તેનું નિવેદન નોંધ્યું હતું. પોલીસને શંકા છે કે સિયા અને ચેતન વચ્ચેના પ્રેમસંબંધની સાહિલને જાણ હતી. સાહિલે આ વાત તેના પરિવારજનોને કરી હતી કે નહીં, તેની તપાસ કરવામાં આવી રહી છે.

દરમિયાન સિયાના પિતા પ્રવીણ ગોયલની તબિયત લથડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમણે કેતન અગરવાલના મૃત્યુ અંગે દુઃખ વ્યક્ત કરીને કહ્યું હતું કે અમારા થનારા જમાઇએ અમને ખૂબ પ્રેમ આપ્યો. સિયાની માતાએ કહ્યું હતું કે કેતનના મૃત્યુ માટે અમારી પુત્રી જવાબદાર હશે તો દોષીને પણ કિલ્લા પરથી ધકેલી દો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કેતન અગરવાલની હત્યા બદલ સિયાની ધરપકડ કરાયા બાદ તેને મળવા માટે કોઇ આવ્યું નથી. સિયાનાં માતા-પિતા અને ભાઇ સાહિલ તેને મળવા માટે સુધ્ધાં આવ્યાં નથી. ■

### કેતનની ટાલ તેની હત્યાનું કારણ? એની વિગ સિયાને નહોતી ગમતી

સિયા ગોયલ કેતનને લગ્ન માટે સીધેસીધી ના પાડી શકી હતી, છતાં તેણે હત્યા જેવું અંતિમ પગલું કેમ ભર્યું? બંને વચ્ચે દેખીતો અણબનાવ નહોતો, તો સિયાના મનમાં એવો તો શું અણગમો હતો કે તેણે જીવ લેવાનું પસંદ કર્યું? આ અણગમાનું કારણ હવે સામે આવ્યું છે. કેતનની સગાઇ થઇ એ પહેલાથી જ તે પોતાની ટાલ છુપાવવા માટે વિગ પહેરતો હતો, જે સિયાને પસંદ નહોતું. શું આવી ક્ષુલ્લક બાબતને લઇ કેતનનો જીવ ગયો? સિયાએ દાવો કર્યો હતો કે કેતન વિગ પહેરતો હોવાની જાણ થયા બાદ તેની સાથે લગ્ન કરવાની ઇચ્છા રહી નહોતી.

દરમિયાન કેતનના પિતા વિશાલ અગરવાલે જણાવ્યું હતું કે કેતન વિગનો નાનો ભાગ પહેરતો હતો એ સાચું છે. સિયા અને તેના પરિવારને સગાઇ પૂર્વે આ વાતની જાણકારી અપાઇ હતી. જો સિયાને તે વિશે વાંધો હોત તો તેણે પહેલાંથી જ લગ્ન માટે ના પાડી દેવી જોઇતી હતી. આટલા કારણસર મારા પુત્રની હત્યા શા માટે કરવી જોઇએ? ■

### 'સિયા બીજી સોનમ રઘુવંશી'

મેઘાલય હત્યાકાંડમાં મૃત્યુ પામેલા ઇન્દોરના વેપારી રાજા રઘુવંશીની માતાએ ગુરુવારે પુણેના કેતન અગરવાલ હત્યાકેસની આરોપી સિયા ગોયલની તુલના તેની પુત્રવધૂ સોનમ રઘુવંશી સાથે કરી. ૨૦ વર્ષની સિયાના ચહેરા પર કોઇ પશ્ચાતાપ દેખાતો નથી, તે 'બીજી સોનમ' હોવાનું રઘુવંશીની માતાએ જણાવ્યું હતું. ગયા વર્ષે મે મહિનામાં રાજા રઘુવંશીની હત્યાએ દેશભરમાં ચકચાર જગાવી હતી. રાજા રઘુવંશીની મેઘાલયમાં હનીમૂન દરમિયાન હત્યા કરવામાં આવી હતી. પત્ની સોનમે જ પ્રેમી તથા અન્યોની મદદથી હત્યાનું કાવતરું ઘડ્યાનો આરોપ છે. ■

### 'તારાથી નહીં થશે, હું જ તેનું કામ તમામ કરું છું'

કેતન અગરવાલની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલા ચેતન ચૌધરી અને સિયા ગોયલ એકબીજા પર આરોપ કરી રહ્યા છે. સિયાએ દાવો કર્યો હતો કે હત્યાનું કાવતરું ચેતને જ ઘડ્યું હતું. ચેતને તેને કહ્યું હતું કે તારાનથી થશે એવું લાગતું નથીં, હું જ તેનું કામ તમામ કરું છું. સિયાએ એમ પણ જણાવ્યું હતું કે ૧૪ જૂને પહેલો પ્રયાસ નિષ્ફળ ગયા બાદ ચેતન હતાશ થઇ ગયો હતો. ત્યાર બાદ તેમણે બીજી વાર પ્રયાસ કર્યો હતો.

બીજી તરફ ચેતને પોલીસને જણાવ્યું હતું કે તેનો અને સિયાનો ભાગી જવાનો પ્લાન હતો. જોકે સિયાએ તેને કહ્યું હતું કે મારો પરિવાર શ્રીમંત છે અને આપણને તેઓ ક્યાંથી પણ શોધી કાઢશે. કેતનની હત્યા એ જ એકમાત્ર માર્ગ છે, એમ સિયાએ કહ્યું હતું. ■

